CBM

# શ્રી "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" - સ્વાધ્યાય ૨૦૧૧

| તારીખ | તિથિ | દિવસ |
| --- | --- | --- |
| એપ્રિલ ૭ | ચૈત્ર શુદ ચોથ | ગુરૂવાર |
| એપ્રિલ ૨૧ | ચૈત્ર વદ ચોથ | ગુરૂવાર |
| મે ૫ | વૈશાખ શુદ બીજ | ગુરૂવાર |
| મે ૧૯ | વૈશાખ વદ બીજ | ગુરૂવાર |
| જુન ૨ | જેઠ શુદ એકમ | ગુરૂવાર |
| જુન ૧૬ | જેઠ વદ એકમ | ગુરૂવાર |
| જુન ૩૦ | જેઠ વદ ચૌદશ | ગુરૂવાર |
| જુલાઈ ૧૩ | અષાઢ શુદ તેરસ | બુધવાર |
| જુલાઈ ૨૮ | અષાઢ વદ તેરસ | ગુરૂવાર |
| ઓગસ્ટ ૧૧ | શ્રાવણ શુદ તેરસ | ગુરૂવાર |
| સપ્ટેમ્બર ૮ | ભાદરવા શુદ અગ્યારસ | ગુરૂવાર |
| સપ્ટેમ્બર ૨૨ | ભાદરવા વદ નોમ | ગુરૂવાર |
| ઓક્ટોબર ૬ | આસો શુદ દસમ | ગુરૂવાર |
| ઓક્ટોબર ૨૦ | આસો વદ આઠમ | ગુરૂવાર |
| નવેમ્બર ૩ | કારતક શુદ આઠમ | ગુરૂવાર |

નોંધ

- ઉપરના દિવસોમાં સંજોગવશાત્ કંઈપણ ફેરફાર થશે તો અગાઉથી જણાવવામાં આવશે.
- ૧૪ મી જુલાઈ, ગુરૂવારે ચોમાસી ચૌદસ છે.
- પર્યુષણ: ૨૫ ઓગસ્ટ થી સપ્ટેમ્બર ૧/૨
- કારતકી પુનમ તા. ૧૦ મી નવેમ્બર: ૯૯ યાત્રા શરૂ
- ડીસેમ્બર - જાન્યુઆરી - ફેબ્રુઆરી - આ ત્રણ મહિના સ્વાધ્યાય બંધ રહેશે. WINTER BREAK.
- સ્વાધ્યાય રાત્રે ૮:૧૫ (sharp) શરૂ થશે માટે ૮ વાગ્યા સુધીમાં આવી જવા વિનંતી છે.
- દરેકે નોટ-બુક તથા પેન સાથે લાવવી.

## શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

### દરેક અધ્યાયમાં આવતા મુખ્ય વિષયોની સંક્ષેપમાં નોંધ

અધ્યાય-૧ સમ્યગ્દર્શન અને તેના પાંચ ભેદ. સાત તત્ત્વો (જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ) પાંચ જ્ઞાન અને દરેક જ્ઞાનના ભેદ. અનેકાંતવાદ, નય.
કુલ ગાથા - ૩૫.

અધ્યાય-૨ જીવ તત્ત્વ : પાંચ ભાવો અને તેના ભેદો. પાંચ ઇન્દ્રિયો મન, સંસારી અને સિદ્ધના જીવોની ગતિ, જન્મના પ્રકારો
કુલ ગાથા - ૫૨

અધ્યાય-૩ સાત નરક અને નરકની વેદના. કયો નરકમાં જઈ શકે? દ્વીપ-સમુદ્રો, જંબુદ્વિપ, ભરતક્ષેત્ર, કર્મભૂમિ, આયુષ્ય
કુલ ગાથા - ૧૮

અધ્યાય-૪ ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેક અને પાંચ અનુત્તર દેવો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક દેવો, દેવલોકનું જીવન વગેરે
કુલ ગાથા - ૫૩

અધ્યાય-૫ અજીવ તત્ત્વ : દ્રવ્ય, ગુણ, કાળ નું લક્ષણ, સપ્તભંગી
કુલ ગાથા - ૪૪

અધ્યાય-૬ આશ્રવ તત્ત્વ : આશ્રવના ભેદો, કર્મ કેવી રીતે લાગે?
કુલ ગાથા - ૨૬

અધ્યાય-૭ વ્રત : પાંચ મહાવ્રત, ૧૨ અણુવ્રત, સંલેખના, દાન
કુલ ગાથા - ૩૪

અધ્યાય-૮ બંધ તત્ત્વ : કર્મ બંધના કારણો, ૮ કર્મ, કર્મનું ફળ
કુલ ગાથા - ૨૬

અધ્યાય-૯ સંવર તત્ત્વ : અને નિર્જરા તત્ત્વ : ધર્મના ૧૦ પ્રકારો, [illegible] ગુણસ્થાન, ક્ષમા, ૧૨ પ્રકારના તપ, ધ્યાનના ભેદો
કુલ ગાથા - ૪૯

અધ્યાય-૧૦ મોક્ષ તત્ત્વ : કેવળજ્ઞાન, આત્માની ઉર્ધ્વ ગતિ, સિદ્ધ ગતિ
કુલ ગાથા - ૧૦

## : શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર :

ભગવાન સર્વજ્ઞ થયા ત્યારે ગણધરોએ પ્રથમ પ્રશ્ન રજુ કર્યો. ભગવાન, તત્ત્વ શું છે? ભગવાને એક જ વાક્યમાં જવાબ આપ્યો. "ઉપન્નેઈવા વિગમેઈવા ધુવેઈવા" આ ત્રિપદી સાંભળી ગણધરોએ દ્વાદશાંગી ની રચના કરી. દ્વાદશાંગી એટલે બાર અંગ. તેમાં બારમું અંગ "દૃષ્ટિવાદ" વિચ્છેદ પામેલ છે. બાકીના ૧૧ અંગો મળે છે. મૂળભૂત આ અગિયાર અંગો તે જ આગમો છે.

જૈન દર્શનમાં ચાર અનુયોગ છે. અનુયોગ એટલે સૂત્ર સમજાવવાની પદ્ધતિ. પ.પૂ. યુગપ્રધાન શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મહારાજ સાહેબ ના કાળ સુધી આ ચારે અનુયોગ સંકલિત એટલે કે એકીસાથે જોડાયેલા હતા. તેઓશ્રીએ પડતો કાળ જાણી ચારે અનુયોગોનું અલગ અલગ વિભાજન કર્યું. (૧) દ્રવ્યાનુયોગ : જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રધાનતા છે. છ દ્રવ્યો નું વિસ્તારથી વર્ણિત છે. સૂયગડાંગ, સમવાયાંગ વગેરે આગમોમાં તેમજ તત્ત્વાર્થ સૂત્રમાં દ્રવ્યાનુયોગ મુખ્ય છે.

(૨) ચરણકરણાનુયોગ : તેમાં આચારની પ્રધાનતા છે. આચારાંગ, દશવૈકાલિક સૂત્ર વગેરે.

(૩) ગણિતાનુયોગ: તેમાં ગણિતનો વિષય મુખ્ય છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે આગમોમાં ગણિત વિશેષ છે.

(૪) ધર્મકથાનુયોગ: મહાપુરૂષોના ચરિત્રો છે. જ્ઞાતાધર્મકથા, ઉપાસક દશાંગ વગેરે આગમોમાં ધર્મકથાનુયોગ ની ચર્ચા વિશેષ છે.

આગમ એટલે મૂળ ૧૧ અંગો ના અર્થો વધુ સ્પષ્ટ કરનારા શાસ્ત્રો. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય ૪૫ આગમો માને છે. શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી તથા તેરાપંથી સંપ્રદાય ૩૨ આગમો માને છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર અથવા શ્રી તત્ત્વાર્થસૂત્ર જૈન ધર્મનો પાયાનો ગ્રંથ છે અને જૈન ધર્મના બધા જ સંપ્રદાયોને માન્ય છે. આ ગ્રંથમાં મૂળ જ મહત્ત્વનો દ્રવ્યાનુયોગો ઉપર વિશેષ ભાર મૂકાયો છે.

જગતમાં ચાર પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ.
અર્થ → કામ. અર્થ એ કારણ છે, કામ કાર્ય છે. પાંચેય ઇંદ્રિયોની ઇચ્છા (કામ) પૂર્ણ કરવા ધન (અર્થ) ભેગું કરવું પડે છે.
ધર્મ → મોક્ષ ધર્મ એ કારણ છે, મોક્ષ કાર્ય છે. મોક્ષને સાધ્ય રૂપે પુરુષાર્થ કહ્યો છે. મોક્ષ મેળવવા માટે ધર્મ પુરુષાર્થ કરવો જોઈએ.

પહેલા અધ્યાયની પહેલી ગાથા સમગ્ર ગ્રંથનો સાર છે.

<u>સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ</u> (૧)

અર્થ: સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર (એ ત્રણેનો સમન્વય) મોક્ષનો માર્ગ છે. અથવા આત્માના આ ત્રણે ગુણોની પ્રાપ્તિ મોક્ષનું સાધન છે. આ ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષની પ્રાપ્તિ ન થાય. સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન સાથે જ ઉત્પન્ન થાય છે, સાથે રહે છે અને નાશ પામે તો સાથે જ નાશ પામે છે. સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન હોય તો સમ્યક્‌ચારિત્ર હોય જ એવો નિયમ નથી. પરંતુ સ. ચારિત્ર હોય ત્યારે બંને હોય જ.

# શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર.

હવે પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શન એટલે શું? તેનો જવાબ બીજી ગાથામાં છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ —— (૨)

તત્વ ઉપરની શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન છે.
પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટ થાય. તેનો જવાબ ત્રીજા સૂત્રમાં છે.

તન્ - નિસર્ગાદ્ - અધિગમાદ્ વા — (૩)

તે સમ્યગ્દર્શન નિસર્ગ દ્વારા અથવા ગુરુ + શાસ્ત્રના નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

હવે પ્રશ્ન થાય કે બીજી ગાથામાં જે "તત્વ" કહ્યું તે તત્વ શું છે? તેનો જવાબ ચોથા શ્લોકમાં છે.

જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષા: તત્વમ્ (૪)

હવે પછીની ગાથાઓમાં પૂ. ઉમાસ્વાતિજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને તેના ભેદો વિસ્તારથી સમજાવશે.

તે પછીના અધ્યાયોમાં ક્રમશ: ચોથી ગાથામાં બતાવેલા સાત તત્વો સમજાવશે.

સમ્યગ્દર્શન પામી મોક્ષ માર્ગ ઉપર ચઢવા માટે આ મહાન ગ્રંથ નું ચિંતન અને અભ્યાસ જરૂરી છે. નાના નાના શ્લોકોમાં પૂ. ઉમાસ્વાતિજીએ ઘણા રહસ્યો ભરી દીધા છે. આખા ગ્રંથમાં માત્ર ૩૪૪ ગાથા છે. પરંતુ આ ગ્રંથ ઉપર મહાપુરૂષોએ હજારો શ્લોકોની સંખ્યામાં ટબો (ગુજરાતીમાં વિવેચન) ટીકા (સંસ્કૃતમાં વિવેચન) અને ચૂર્ણિ (સંસ્કૃત-પ્રાકૃતમાં વિવેચન. પ્રાકૃત નું પ્રમાણ વધુ) લખ્યા છે.
દરેકે નિયમિત આ ગ્રંથ નું ચિંતન-મનન કરવું જોઈએ.

CBM



ભગવાને જે તત્ત્વો કહ્યા છે તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી તે જ સમ્યગ્દર્શન. સવાલ એ છે કે ભગવાન તત્ત્વો ઉપર શ્રદ્ધા કેવી રીતે આવે? .... એક જ ઉત્તર છે.

— જિનેશ્વર ભગવંત સર્વજ્ઞ છે અને

— વીતરાગ છે.

ભગવાને શું કહ્યું ?

— પરલોક છે. દરેક જીવ શુભ-અશુભ કર્મ પ્રમાણે સુખ, દુઃખ ભોગવે છે.

— સંસાર દુઃખરૂપ છે. કહેવાનું સુખ એ સાચું સુખ નથી.

— મોક્ષ મેળવવા પાંચ મહાવ્રતો સ્વીકારી ત્યાગમય જીવન જીવો.

સંસાર નું સુખ દુઃખરૂપ કેમ ? કારણ

- ઇચ્છિત વસ્તુ મેળવવા પાપ કરવા પડે - અશુભ કર્મ બંધાય - પરિણામે દુઃખ
- સુખના સાધનો મેળવવાની લાલસામાં માનસિક તણાવ પેદા થાય - પરિણામે દુઃખ
- પુણ્યના અભાવે સુખના સાધનો ન મળે - ઇચ્છા પૂરી ન થાય - પરિણામે દુઃખ
- સાધનો દ્વારા સુખ ભોગવતા, રાગ-દ્વેષ વધે - અશુભ કર્મ બંધાય - પરિણામે દુઃખ
- ભોગ ભોગવવાથી લોભ વધે - ઇન્દ્રિયો તૃપ્ત ન થાય - પરિણામે દુઃખ

ભગવાને કહેલા સાત તત્ત્વો — જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ — ઉપર શ્રદ્ધા રાખવી.

હેય: એટલે છોડવા જેવા — આશ્રવ, બંધ

ઉપાદેય: એટલે આદરવા જેવા — સંવર, નિર્જરા, મોક્ષ

જ્ઞેય: એટલે જાણવા જેવા — જીવ, અજીવ

મુખ્ય બે તત્ત્વો: જીવ, અજીવ

- જીવનું બાધક સ્વરૂપ: આશ્રવ, બંધ
- જીવનું સાધક સ્વરૂપ: સંવર, નિર્જરા
- જીવનું સાધ્ય સ્વરૂપ: મોક્ષ

CBM

## શ્રી તત્ત્વાર્થસૂત્ર



### શ્રદ્ધા ની સાદી સમજણ:

- શ્રદ્ધા એટલે ગ્રાહક (Receptive) અને સંવેદનશીલ ચિત્તની અવસ્થા
- શ્રદ્ધા એટલે જેણે તત્ત્વ જાણ્યા છે તેની સાથે ચાલવાની તૈયારી
- શ્રદ્ધાનો સંબંધ તીર્થંકર (શ્રદ્ધેય) સાથે નહિ આપણી સાથે છે.
- શ્રદ્ધાનો સંબંધ શ્રદ્ધાળુ (અમે પોતે) સાથે છે શ્રદ્ધેય સાથે નહિ.
- પરમાત્મા પર શ્રદ્ધા, આપણને પરમાત્મા બનવાની સંભાવના પેદા કરે છે.
- આપણું ચિત્ત વાસનાઓથી ભરેલું છે એટલે આપણી થોડી શ્રદ્ધા તીર્થંકર પર, થોડી શ્રદ્ધા બીજા પર, થોડી શ્રદ્ધા અન્ય દર્શનના દેવ ઉપર કરીએ-છીએ પરિણામે ચિત્ત ખંડ-ખંડમાં વહેંચાઈ જાય છે.
- તીર્થંકર પર શ્રદ્ધા કરો તો પૂરી (100%) કરો
- આપણે આપણી ધારણા બીજા પર આરોપિત (projected) કરીએ-છીએ એટલે આપણને જે જોવું છે તે જ દેખાય છે, જે સાંભળવું છે તે જ સમજાય છે
- દૃષ્ટાંત: સુંદર સ્ત્રીના મૃતદેહને જોઈને આવતા વિચારો
- સમ્યક્ દષ્ટિ એટલે જે સાચું જોવાની કળા (સમ્યક્દર્શન) આવડી ગઈ.
- સુલસા શ્રાવિકાની ભગવાન મહાવીર પર અતૂટ શ્રદ્ધા
- એ સુલસા આવતી ચોવીસીમાં નિર્મમ નામે પંદરમા તીર્થંકર બનશે.
- સમ્યગ્દર્શન પ્રગટ કેવી રીતે થઈ શકે — હવે પછી વિચારીશું.